No. of Printed Pages : 4

**FGT**

# Foundation Course : GUJARATI

01315

## Term-End Examination

## December, 2010

## Course Code : FGT

*Time : 2 hours* *Maximum Marks : 50*

---

આ પ્રશ્નપત્ર માં કુલ આઠ (૮) પ્રશ્નો આપવામાં આવ્યા છે અને બધા પ્રશ્નોના ઉત્તર આપવાના રહેશે.

---

1. નીચેના વિષયોમાંથી ગમે તે એક વિષય પર નિબંધ લખો. 8

   (a) સમાજ વિકાસમાં વિજ્ઞાનનો ફાળો.

   (b) વિદેશી કંપની અને દેશી જનતા.

   (c) ધર્મ અને જીવન : એક સેતુબંધ

   (d) અનુવાદની કળા અને ઉપયોગીતા

2. નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર આપો. 8

   (a) કડલાં વેચવા માટે રૂપા ખાંટને મોકલવાનું હેતીએ શા માટે ન સ્વીકાર્યું ?

   (b) ધ્વનિ પ્રદૂષણ અટકાવવામાં વૃક્ષોની શી કામગીરી છે ?

   (c) ગુજરાતીઓના આહાર વિશે લેખકનું શું મંતવ્ય છે ?

   (d) બાળકોમાં વૃક્ષપ્રેમ જગાડવા માટે શું શું કરવું જોઇએ ?

3. (a) નીચેના વાક્યોમાંથી કયુ વાક્ય કોણ બોલે છે તે પાત્રના નામની આગળ ખાનામાં (✓) નિશાની કરો. 8

(i) શકરીભાભી ! બિચારી હેતીબાઇ બહુ ભલું માણસ છે !

- ☐ સુખદેવ
- ☐ હરખો
- ☐ પખો સોની

(ii) મારા અંગ પરથી તો સો મણ આબરૂનો ભાર હતો તે ગયો.

- ☐ પખો સોની
- ☐ શકરી
- ☐ હેતી

(iii) એ ભા, પણ તમારી કેરી પાછા લેતાં જજો ! મેમાન ઘેર પોકવા થયા ત્યારે કેરી લઇને આવ્યા.

- ☐ પખો સોની
- ☐ શકરી
- ☐ દલુચંદ શેઠ

(iv) ફરી કડલાં દેખાવા નહીં મળે ને આની ખરી કિંમત હશે તેની અરધીય ખાતે નહીં માંડે.

- ☐ પખો સોની
- ☐ હેતી
- ☐ સુખદેવ

(b) કૌંસમાં આપેલા શબ્દમાંથી યોગ્ય શબ્દ વાપરી ખાલી જગ્યા ભરો.

(i) વૈદરાજે બરાબર નાડી પરીક્ષા કરીને _________ નું મૂળ કારણ શોધ્યું અને તેની ચિકિત્સા કરી.

(રોગ, દરદ, વ્યાધિ, માંદગી)

(ii) અમે તમને પ્રેમથી જે થોડું ઘણું પણ આપીએ છીએ તે _________ કરીને માનજો

(વધારે, ઝાઝું, પુષ્કળ, ઘણું)

(iii) 1968 ની શિક્ષણ નીતિમાં પાંચમા ધોરણમાં _________ તરીકે હિન્દી શીખવવા પર ભાર મૂકવામાં આવ્યો છે.

(સંપર્કભાષા, માતૃભાષા, લોકભાષા)

(iv) રેડિયો, ટી.વી તથા વર્તમાન પત્રો _________ નો આશ્રય લેનારા માધ્યમો છે.

(શબ્દ, સરકાર, જાહેર ખબર)

4. (a) 'ગામના ભલામાં પોતાનું ભલું' એ મુદ્દા ઉપર એકમને ધ્યાનમાં રાખીને પંદર લીટી લખો. 8

(b) 'પહેલાં જે ધર્મ હતો તે ધંધામાં ફેરવાઇ ગયો છે.' એવું વિધાન લેખક કઇ પરિસ્થિતિને અનુલક્ષીને કરે છે ?

5. (a) કાનૂની હક્ક અને નૈતિક હક્ક વચ્ચેનો પાયાનો તફાવત સ્પષ્ટ કરો. 6

(b) ભદ્ર વર્ગ અને આમ વર્ગ ની ખાઇ દૂર કરવા શું કરવાની જરૂર છે ?

6. વિરૂધ્ધાર્થી શબ્દ લખો. 4

(a) માંસાહારી, હાજર, ભરતી, લેણદાર

(b) કહેવતોના અર્થ લખો

(i) ધીરજના ફળ મીઠાં

(ii) ખાલી ચણો વાગે ઘણો

(iii) મન ચંગા તો કથરોટ મે ગંગા

(iv) વાવે તેવું લણે

7. નીચેના વાક્યોમાં રહેલા વિચારને સ્પષ્ટ કરો. કોઇપણ <u>બે</u>. 4

(a) પરિશ્રમ કરવો એ પ્રાર્થના છે.

(b) આવતીકાલે સારું કામ કરવા માટેની ઉત્તમ તૈયારી આજે સારું કામ કરવામાં છે.

(c) રિવાજના કૂવામાં તરવું સારૂ છે, ડૂબવું આત્મહત્યા છે.

(d) ધર્મ વગરનું વિજ્ઞાન લૂલું છે, વિજ્ઞાન વગરનો ધર્મ અંધ છે.

8. વરસાદને કારણે રસ્તા ઉબડખાબડ બની ગયા છે તો સમારકામ માટે બાંધકામ ખાતાના અધિકારીને એક અરજી લખો. 4

---